વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

કેપ્ટન ધેવચંદ પવાર
(૧૯૩૮) ફોન-૨૩૨ ૧૬૫૬૧

રાજપૂત સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું ૨૨મી જુલાઈએ સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ એન.જે. વાઘેલાએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને રાજપૂત સમાજ ગાંધીનગરના સંયુકત ઉપકમે સમાજના તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ઠ પ્રતિભા ધરાવતા મહાનુભાવોનું સન્માન ૨૨મી જુલાઈએ યોજાશે. રાજપૂત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વિશિષ્ઠ પ્રતિભા સંપન્ન મહાનુભાવોનો સન્માન સમારંભ શ્રી રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૨મી જુલાઈ ૨૦૧૨ને રવિવારે બપોરે ૧.૩૦ કલાકે રાખવામાં આવ્યો છે. રાજપૂત સમાજના આ સન્માન સમારંભમાં સમાજના તેજસ્વી તારલાઓએ પોતાની ગુણપત્રકની નકલ તા. ૧૨મી જુલાઈ ૨૦૧૨ સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજપૂત સમાજ ભવન, સે.૧૨ કાર્યાલય મંત્રીને પહોંચાડવી.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની મુખ્ય સચિવ સાથે પરામર્શ બેઠક

ગાંધીનગર, તા. ૨૭

જાહેર વહીવટમાં ગતિ લાવવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની એક મિટીંગ મુખ્ય સચિવશ્રી એ.કે. જાનિ સાથે યોજાયેલ હતી. જેમાં પરિષદની આધાર પુરાવા સાથેના અનેક પ્રશ્નોની રચનાત્મક રીતે સાંભળી હતી.

આ મીટીંગમાં લવજીભાઈ વાડિયા, પ્રમુખ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ તથા અન્ય હોદ્દેદારોએ હાજર રહી પ્રશ્નો રજૂ કર્યા હતા. જનહિતના ૨૨ પત્રોના જવાબો મળેલ નથી. આર.ટી. આઈ. કાયદાની જોગવાઈ વિશે, પરિપત્રોની સંકલન વારી માર્ગદર્શિકા આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના પ્રશ્નો ટેકનીકલ શિક્ષણની કથળતી સ્થિતી વગેરેના પશ્નોની રજૂઆત કરવામાં આવી હતી.

કાળઝાળ ગરમી વચ્ચે લોકોને પાણીની ભારે તકલીફ પડી રહી છે. નળ સરોવર રોડ પાસેના ગામના નિવાસીઓને દૂરથી પીવાના પાણીની વ્યવસ્થા કરવી પડે છે.

ગુજરાતના ૩૧૫ માછીમારો પાકની કેદમાંથી આજે મુક્ત

વાઘા બોર્ડર પર માછીમારોને લેવા માટે અધિકારીઓની ટીમ રવાના : માછીમારોના પરિવારોમાં ખુશીની લાગણી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના ૩૧૫ માછીમારોને પાકિસ્તાન દ્વારા તા.૨૮મી જૂનના રોજ મુક્ત કરવામાં આવશે. આ ૩૧૫ માછીમારોને પંજાબના વાઘા બોર્ડર પર સ્વીકારવા માટે મત્સ્યોદ્યોગ ખાતાના અધિકારીઓની ટીમ વાઘા બોર્ડર પંજાબ ખાતેથી ગુજરાત ખાતે લાવવા માટે રવાના થયેલ છે. આ માછીમારોને ગુજરાત ખાતે લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રેલ્વે મારફત ખાસ આરક્ષણ કરાયેલ રેલ્વે બોગીની વ્યવસ્થા કરવામાં આવી છે. તેઓ વેરાવળ સુધી સુરક્ષિત રીતે પહોંચી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરીની યાદીમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકાર તરફથી દરેક માછીમારોની વિગત ભારત સરકારના વિદેશ મંત્રાલય મારફતે પાકિસ્તાન સ્થિત ભારત કન્સુલેટ અકસેસ તરીકે ઓળખાય છે. આ પ્રક્રિયા મુક્ત થઈ શકે તેવી અવ્યવસ્થા છે. માછીમારોને મુક્ત કરવાની ભારત અને પાકિસ્તાન બન્ને પડોશી દેશો વચ્ચેની આ રાજદ્વારી બાબત સંદર્ભે રાજ્ય સરકાર તરફથી ભારત સરકાર સમક્ષ વારંવર રજૂઆતો કરવામાં આવે છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને મત્સ્યોદ્યોગમંત્રી દિલીપ સંઘાણી દ્વારા ભારત સરકારનાં સંબંધિત મંત્રીઓને ૧૨૪ વખત રજૂઆતો કરવામાં આવેલ છે. તાજેતરમાં મત્સ્યોદ્યોગ મંત્રી દિલીપ સંઘાણી તરફથી તા.૨૦-૪-૨૦૧૨ના રોજ કેન્દ્રના કૃષિમંત્રી અને વિદેશમંત્રીને માછીમારો તથા બોટોને મુક્ત કરાવવા માટે રજૂઆત કરવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રયત્નોને કારણે પાકિસ્તાન ખાતેથી વર્ષ ૨૦૦૧-૨૦૦૨થી આજ દિન સુધીકુલ ૩૯૬૯ ભારતીય માછીમારોને મુક્ત કરાવી શકાયા છે અને પોતાના માદરે વતનમાં આવેલ છે. ૩૧૫ માછીમારો માદરે વતન ગુજરાતમાં પાછા ફરશે તેવા સમાચારથી ખુશીનો માહોલ જોવા મળેલ છે. હજી પણ બાકી રહેલ માછીમારોને મુક્ત કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો ચાલી રહ્યા છે.

ગુજરાત યનિવર્સિટીના કુલપતિ તરીકે ડૉ. પરિમલ ત્રિવેદીએ ગઈકાલે પદ છોડ્યા બાદ આજે ઉપકુલપતિ ડૉ. મુકુલ શાહે આજે સત્તાવાર ચાર્જ સંભાળ્યો હતો. પ્રથમ દિવસે ફુલહારથી સ્વાગત થયા બાદ કર્મચારીઓએ ફટાકડા પણ ફોડ્યા હતા. ગુજરાત યુનિવર્સિટી ૧૪માં કુલપતિ તરીકે ડૉ. પરિમલ ત્રિવેદીની વર્ષ ૨૦૦૬માં નિમણુંક થયા બાદ સતત બે ટર્મ પુરી કરી ૨૬ જુન વર્ષ ૨૦૧૨ના રોજ તેમણે વિદાય લીધી હતી. તેમણે વર્ષ ૨૦૧૧માં ઉપકુલપતિ તરીકે જવાબદારી સંભાળનાર ડૉ. મુકુલ શાહને ચાર્જ વિધિવત સોંપ્યો હતો. દરમિયાન આજે ડૉ. મુકુલભાઈ શાહે વિધિવત કુલપતિની ચેમ્બરમાં પ્રવેશ કરી ચાર્જ સંભાળ્યો. આજે ચાર્જ સંભાળ્યા બાદ તેમનું ફુલહાર અને ફટાકડા ફોડી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ દિવસ દરમિયાન શુભેચ્છકોની ભીડ પણ રહી હતી. ડૉ. મુકુલભાઈ શાહે અમદાવાદ શહેરના મેયર તરીકે પણ રહી ચૂક્યા છે.

કેન્દ્ર સરકારની માગને પાકિસ્તાને સ્વીકારી છે

અમદાવાદ, તા.૨૭

માછીમારભાઈઓ તથા માછીમાર બોટને છોડાવવા માટે ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયાની આગેવાનીમાં એક ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિમંડળ મે મહિનામાં વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘ, યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી તથા વિદેશમંત્રી એસએમ ક્રિષ્ણાને મળ્યુ હતું અને રજુઆત કરી હતી કે ગુજરાતની ૬૪૦થી વધારે બોટો તથા ૫૦૦ કરતા પણ વધારે માછીમારો પાકિસ્તાનના કબજામાં છે, તેની સામે પાકિસ્તાનની ૧૦૦ જેટલી ફીશીંગ બોટ અને ૧૨૫ જેટલા માછીમારો ભારતના કબજામાં છે. બંને દેશોએ અરસપરસના ધોરણે માછીમાર તથા બોટને તાત્કાલિક છોડી મુકવા જોઈએ.

ડાંગના ૬૬૭ જેટલા માજી રાજવીઓ, નાયકો અને ભાઉબંધોના સાલિયાણામાં ૨૫ ટકા વધારો

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડાંગ જિલ્લાના માજી રાજવીઓ, નાયકો તથા ભાઉબંધોને ચૂકવવામાં આવતા રાજકીય પેન્શન (સાલીયાણા)માં તા.૧ લી એપ્રિલ-૨૦૧૨ થી ૨૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના પ્રવકતા આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને નાણાં રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આ સ્તુત્ય નિર્ણયની ભૂમિકા આપી હતી.

પ્રવકતા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે, બહુધા વનવાસી ક્ષેત્ર ડાંગ જિલ્લાના માજી રાજવીઓ, નાયકો અને ભાઉબંધો પાસેથી તેઓના આધિપત્ય હેઠળની જંગલોની જમીન-જાગીર અને જંગલ વિસ્તારના ભાગરૂપે તેમના મૂળભૂત હક્કો અને વિશેષ અધિકારોના બદલામાં રાજકીય પેન્શન વાર્ષિક, કાયમી અને વારસાગત ધોરણે સને ૧૯૫૪થી આપવામાં આવે છે. રાજ્ય સરકારે આ પેન્શનમાં તા.૧.૪.૨૦૧૨ થી ૨૫ ટકાના વધારો કરવાનો નિર્ણય લીધો છે અને તેનો લાભ ડાંગના પાંચ રાજવીઓ, ૯ નાયકો અને ૬૫૩ ભાઉબંધોને પ્રાપ્ત થશે.

આદિજાતિ-વનબંધુઓના લોકોત્સવ હોળીના પર્વ અવસરે, દર વર્ષે ડાંગ જિલ્લામાં યોજાતા પરંપરાગત ડાંગ દરબારમાં આ રાજવીઓનું રાજ્ય સરકાર સન્માન કરીને તેમને પોલીટીકલ પેન્શન (સાલીયાણાં) ની રકમ એનાયત કરે છે.

ચાર સનદી અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારે ચાર સનદી અધિકારીશ્રીઓની બદલી કરી છે. જેમાં ગુજરાત રાજ્ય માર્ગ-વાહન વ્યવહાર નિગમના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર શ્રી રાજ ગોપાલને બદલીને ગુજરાત જી વિકાસ નિગમ લિ.ના મેનેજીંગ ડિરેકટર તરીકે વડોદરા મૂકવામાં આવ્યા છે. જ્યારે ગુજરાત જી વિકાસ નિગમ લિ.ના મેનેજીંગ ડિરેકટર શ્રી મુકેશ પુરીને બદલી ગુજરાત રાજ્ય માર્ગ-વાહન વ્યવહાર નિગમના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડિરેકટર તરીકે કરવામાં આવી છે.

આ ઉપરાંત કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનર શ્રી પી. એલ. દરબારની બદલી કમિશનર ઓફ ફીશરીઝ તરીકે કરવામાં આવી છે. તેમજ કુટિર અને ગ્રામોદ્યોગ સચિવ શ્રી એ. એમ. સોલંકીની જગ્યા બદલીને કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનર અને કુટિર અને ગ્રામોદ્યોગ સચિવની કરવામાં આવી છે.

આ સિવાય સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક એડમિનીસ્ટ્રેશન-સ્પીપાના ડેપ્યુટી ડાયરેકટર જનરલ શ્રી પી. પી. હર્ષની બદલી મનોરંજન કર કમિશનર તરીકે ગાંધીનગર ખાતે કરવામાં આવી છે.

સમાચાર ઝલક

- મોરારીબાપુને કટ્ટર મુસ્લિમ રાષ્ટ્ર ઇરાન સરકારના ખાસ મહેમાન બનવાનું નિમંત્રણ.
- માઓવાદી-નકસલવાદીના પાંચ રાજયમાં બંધની અસર : ધનબાદમાં સુરક્ષાદળો સાથે અથડામણ.
- તુલસીકાંડ : ડી.જી.પી. ગીતા જોહરી આજે સી.બી.આઇ. સમક્ષ હાજર થશે.
- બનાસ બેંક ખેડૂત સભાસદોને માત્ર ૩ ટકાના દરે ધિરાણ આપશે.
- સરબજીત ને નહિ પરંતુ સરનજીતને ફાંસીની સજા માફ : પાકિસ્તાની પ્રવકતાની સ્પષ્ટતા.
- પાકિસ્તાનની જેલમાંથી એક મહિનાથી મૃત્યુ પામેલ ઉનાના તડગામના માછીમારનો મૃતદેહ મળતો નથી.
- અમરેલીના આર.ટી.આઇ. કાર્યકરના હુમલા પ્રકરણમાં પી.એસ. આઇ.ની અચાનક બદલી.
- અલૂણાં નિમિત્તે સુકા મેવાના ભાવમાં ૨૫ થી ૩૦ ટકાનો વધારો.
- લંડન ઓલમ્પિક ઉપર ત્રાસવાદી હુમલાનો ભય.
- જોબ માર્કેટમાં તીવ્ર મંદી આવવાનાં એંધાણ.
- વરસાદ ખેંચાતા ખાતર, બિયારણ જંતુનાશક, કૃષિ સાધનોનું બજાર ઠપ્પ.
- સચિનનો પુત્ર અર્જુનનો મુંબઇ અન્ડર-૧૪ ની ટીમમાં સમાવેશ.
- વિશ્વના આર્થિક શક્તિશાળી શહેરોમાં અમદાવાદ ૧૯માં ક્રમે.
- પેટ્રોલના ભાવ ઘટાડાના ઉજળા સંજોગો રૂા. ૩ થી ૫ ઘટશે.
- રાજકોટમાં વિદ્યાર્થીને ઇલેકટ્રિક શોક આપતો શિક્ષક, પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી.
- અમરનાથની યાત્રામાં ૧૮૦૦, યાત્રાળુઓ ત્રીજા દિવસે લાભ લીધો, ગુજરાતમાંથી બે લાખ શ્રધ્ધાળુ જોડાશે.

મહેકમ મંજૂર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરખાસ્તોનો અભ્યાસ કરી સરકારે આજે તેને મંજૂરી આપી છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા આ દરખાસ્તનો સ્વીકાર થયો છે હવે જુદી જુદી શાખાઓ કાર્યાન્વીત કરવા અંગેની કાર્યવાહી કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો મુજબ હવે રાજ્ય સરકાર પાસે સભા સંચાલનના નિયમો અંગેની દરખાસ્ત પડતર રહે છે. જેની મંજૂરી અંગેની કાર્યવાહી પણ હાલ ગતિમાં છે. જે પણ એકાદ પખવાડિયામાં મંજૂરી મળી જશે તેમ જાણવા મળેલ છે.

કોર્પોરેશનમાં હાલ પ્રોપર્ટીટેક્ષ અને આકારણી માટેની શાખાઓ કાર્યરત કરવામાં આવી છે. નવી શાખાઓ જે શરૂ કરવાની થાય છે તેમાં સીટી બસ, એ.ડી.એમ. શાખા, આરોગ્ય શાખા, ચૂંટણી શાખા, કાયદા શાખા, મહેસુલી કર શાખા, લેબર શાખા, ફૂડ એડલટ્રેશન શાખા તેમજ વિજીલન્સ શાખાનો સમાવેશ થાય છે.

આ શાખાઓ શરૂ કરતાં જ કોર્પોરેશનને હાલ ફાળવેલ જગ્યામાં વધારો કરાવવા માટે વધુ એક વખત રાજકીય દબાણ કોર્પોરેશનના સત્તાવાળાઓએ કરવુ પડશે તેમ મનાઈ રહ્યું છે.

શબ્દાવલી - ૪૭૭૧



આડી ચાવી

૧. કસીરાઈ (૫)
૪. સંસ્કારી, સુધરેલું (૨)
૫. શસ્ત્ર, ઓજાર (૪)
૭. આત્મા, શિવલિંગ (૪)
૧૦. ભપકો, ઠસ્સો (૩)
૧૨. અકુદરતી મોત (૩)
૧૩. ...કણ, રેતીનું જીણુ કણ (૨)
૧૫. ચરણ (૨)
૧૭. દિવો (૩)
૧૯.એક મૂળ જેનું અથાણું થાય (૪)
૧૯. ખુબ, અતિશય (૩)
૨૧. આડોશી... (૩)
૨૨. 'રતુમડી' શબ્દ આડો અવળો (૪)

ઊભી ચાવી

૧. કકળાટીયણ (૩)
૨. સમર્થન, વાતમાં... થવું (૪)
૩. રથમાં, બેસનાર (૨)
૪. અઢળક વસ્તુ, વસ્તુની... (૪)
૬. ... તેરી આયેગી, મુજકો બડા સતાયેગી ... ગીત (૨)
૮. ... થવું, વહી જવું, લીકેજ (૨)
૯. નાના ઝાડવાના વિકાસમાં વિકસાવાતા ઉદ્યોગો (૪)
૧૧.મધદરિયે, દરિયાની વચ્ચે (૪)
૧૪. ચાવી (૨)
૧૫. રોક બાજુની કેડી, ફૂટ પાથરી (૪)
૧૬. ફરે તેનું નાનું પેડું, રીલ (૪)
૧૮. સાપનું દર (રહેઠાણ) (૩)

શબ્દાવલી ૪૭૭૦ના જવાબ

આડી ચાવી :- (૧) નિર્ણાયક (૪) વધારો (૬) કીડીયારૂં (૮) મિલન (૧૦) વીંટો (૧૧) તલ (૧૨) મમ (૧૩) ઝક (૧૪) ઉણો (૧૫) અવહેલના (૧૮) ગાવુ (૧૯) જૂનવાણી (૨૧) કનક (૨૨) તક

ઊભી ચાવી :- (૧) નિયમિત (૨) યકીન (૩) કડી (૪) વરૂ (૫) રોકટોક (૭) યાહોમ (૯) લલચાવવું (૧૦) વીંઝણો (૧૨) મહેલ (૧૫) અગાધ (૧૬) નાજૂક (૧૭) વણીક (૨૦) વાત

પોલીસના વાહનો પરથી ડાર્ક ફિલ્મને દૂર કરવાનો આદેશ

અમદાવાદ, તા.૨૭

રાજયભરમાં પોલીસના તમામ વાહનો પરથી ડાર્ક ફિલ્મ હટાવવાનો આદેશ રાજ્ય પોલીસ વડાએ આપ્યો છે અને એક મહિનામાં તમામ વાહનો પરથી ડાર્ક ફિલ્મ દૂર કરવામાં આવે તેવા પગલાં લેવાની સૂચના આપવામાં આવી છે. તેની શરૂઆત પોલીસ ખાતાના વાહનોથી કરવાનો આદેશ રાજયના પોલીસ વડા ચિંતરંજનસીંઘે આપ્યો છે.

ચિતરંજનસીંઘે જણાવ્યું હતું કે આતંકવાદી હુમલાની ભીતીને લઈને તમામ લોકોને ગાડીઓ પરથી 'ડાર્કફિલ્મ' હટાવવાના આદેશ જારી કરાયા છે. પરંતુ તેનો અમલ પોલીસ સૌ પ્રથમ કરે તો સામાન્ય લોકો પણ આપો આપ કરશે તે માટે રાજયભરની પોલીસની તમામ ગાડીઓ પરથી તાત્કાલીક 'ડાર્કફિલ્મ' હટાવી લેવાનો આદેશ જારી કરાયો છે.

આ અંગેના આદેશનું પાલન સૌ પ્રથમ અમદાવાદ, સુરત, વડોદરા જેવા મોટા શહેરોના પોલીસ કમિશનર કરે તેવી પણ સ્પષ્ટ સૂચના ડીજી દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત તમામ જીલ્લાના એસપીએ પોતાની સરકારી ગાડી પરથી સૌ પ્રથમ ડાર્ક ફિલ્મ હટાવવાની રહેશે. બાદમાં જિલ્લા ભરની પોલીસની સરકારી ગાડીઓના ડાર્ક ફિલ્મ હટાવવા કડક રીતે અમલ કરાવવાનો રહેશે.

પોલીસ સૌ પ્રથમ અમલ કરશે તો સામાન્ય પ્રજા પણ તે નિયમનો અમલ કરશે તેમ રાજ્ય પોલીસવડા ચિંતરજનસીંઘ માની રહ્યા છે. જેવી રાજયભરની પોલીસની ગાડીઓ પરથી 'ડાર્ક ફિલ્મ' હટી ગયા બાદ સામાન્ય લોકો આ નિયમનું કડક રીતે પાલન કરાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

આક્રમક મૂડમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે પાછળ બેઠેલા કોંગી નેતાઓને ઈશારો કરવો પડયો હતો.

તો મેલેરિયાના રોગચાળાના પ્રશ્ને તંત્રના જવાબને લઈ બાંધકામ સમિતિના ચેરમેન નારાજગી વ્યકિત કરતા હતા ત્યારે વિપક્ષે કહ્યું કે તંત્ર તમે ચલાવો છો તોય આવું? આ ઉપરાંત કલોલ તાલુકામાં ગેરકાયદે બાંધકામના મુદ્દે ૨૦૦૯થી કરવામાં આવતી રજુઆત તંત્ર સાંભળતું નહીં હોવાની રજુઆત બાંધકામ સમિતિના ચેરમેને કરતાં સભામાં સન્નાટો છવાઈ ગયો હતો.

આવો જ પ્રશ્ન જયારે વિવિધ સમિતિઓની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધોને બહાલી આપવાનો હાથ પર લેવાયો ત્યારે કારોબારી સમિતિના વિવાદને હવા આપવા ભાજપે આનો સખ્ત વિરોધ કર્યો હતો તેમજ એન.એ. આપવામાં ઉતાવળ કરાતી હોવાનો આક્ષેપ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યો હતો. ભાજપે તેનો વિરોધ ચાલુ રાખતાં આ સમિતિની કાર્યવાહી નોંધ બહુમતિથી પસાર કરવામાં આવી હતી. જયારે અન્ય સમિતિઓની બેઠકની નોંધો સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં વિપક્ષ તરફથી જયેશ પટેલ, નવિન પટેલ તેમજ ગુણવંતસિંહ ચાવડા અને અમરસિંહે પૂરક પ્રશ્નોનો ભારે મારો ચલાવ્યો હતો. વિપક્ષી નેતા શંકુતલાબેન પટેલે પણ આજે સત્તાધારી પક્ષને ભીંસમાં લેવાની એક પણ તક જતી કરતા દેખાતા ન હતા.

પોલીસ કટીબદ્ધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજુ પણ પતો લાગ્યો નથી. જાન્યુઆરી ૨૦૧૨ થી ગત મે દરમિયાન પણ રાજયમાં ૪૮૧૭ વ્યકિત ગુમ હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે આ પૈકી અડધા ૧૪ વર્ષ ઉપરના હોવાથી પોતાની રીતે જતા રહ્યા હોવાનું માલુમ પડી રહ્યું છે. અત્યાર સુધી આ મામલે પોલીસ દ્વારા ૮ ડ્રાઈવ કરી ૨૭૨૦ વ્યકિતઓની ભાળ મેળવવામાં આવી છે જયારે ગુમ બાળકો અને વ્યકિતઓને શોધવા કટીબધ્ધ પોલીસતંત્ર દ્વારા રેલવે સ્ટેશન પર સી.સી. ટી.વી. કેમેરા લગાવવા પણ પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે. જયારે વધુમાં આ મામલે સી.આઈ.ડી. કાઈમે પણ તપાસ હાથ ધરી છે.

ચૂંટણી જીતવાનો વ્યૂહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોકરીયાતો અને બિઝનેસ સાથે સંકળાયેલી વ્યક્તિઓ આવી જાય છે.

સેનિટેશનમાં અર્બન અને રૂરલ વિસ્તારોને લઈ શકાય છે જેમાં સફાઈ અને સેનિટેશનની તમામ સુવિધાઓ પ્રાપ્ય બને છે. સફાઈ માટે આ સરકારે પ્રત્યેક વર્ષે અભિયાન ચલાવ્યું છે, પરિણામે ગામડાં અને શહેરો સ્વચ્છ બન્યાં છે. લોકોને જીવન જીવવા માટેની આ એક સુવિધા મળે તો બિમારીને દૂર કરી શકાય છે અને ગામડું કે શહેર ખૂબસૂરત લાગે છે.

ભાજપની સરકારે સ્કૂલ હેલ્થ પ્રોગ્રામ અને સ્કૂલ એજ્યુકેશન ઉપર વધારે ભાર મૂક્યો છે. સ્કૂલોમાં ૧૦૦ ટકા નામાંકન, ગુણોત્સવ, પ્રાથમિક થી લઈને પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના માધ્યમમાં બેઠકોનો વધારો અને સતત મૂલ્યાંકનને પાયો બનાવ્યો છે. કન્યા કેળવણી ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. સ્કૂલ હેલ્થમાં બાળકોનું શારિરીક ચેકીંગ કરીને મફત સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

સિક્યોરિટી એટલે કે લોકોની સુરક્ષા. લોકોના જાનમાલનું રક્ષણ કરવાની સરકારની પ્રાથમિક ફરજ છે. પોલીસને એટલી આધુનિક બનાવવાનો પ્લાન છે કે કલાકોની ગણતરીમાં ગુના ઉકેલી ગુનેગારોને સજા કરવી શકે. ચૂંટણી પ્રચારમાં આ મુદ્દો ઉપયોગમાં લેવાની વિચારણા ચાલી રહી છે.

સર્વિસ સેક્ટર. લોકોને મળતી સુવિધાઓમાં વધારો કરવો. રાજ્યનું ઈન્ફ્રાસ્ટ્રકચર મજબૂત કરવું કે જેથી લોકોને ધંધા-રોજગારની સુવિધા મળી રહે. પ્રાથમિક જરૂરિયાતની ચીજો જેવી કે પાણી, વીજળી અને રસ્તાનો આસાનીથી ઉપયોગ કરી શકાય.

ડેવલપમેન્ટ પ્રોગ્રામની સાથે સદભાવના અને સમરસતા પણ જોડાયેલી છે. મિશન સદભાવનાના કાર્યક્રમો પછી આ એક નવું પરિમાણ ગુજરાતના રાજકારણમાં ઉમેરાયું છે જેમાં મોદી તરફથી તમામ કોમ અને ધર્મ પ્રત્યે સદભાવના બતાવવામાં આવી છે. આ છ-એસ ના સમૂહને આગળ ધરીને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિધાનસભા ચૂંટણીની સ્ટેટજી બનાવી રહ્યાં છે.

કંપની સમાચાર

મોતિયાનો ઈલાજ હવે ઓપરેશન વગર એ પણ ઘરે બેઠા જ કરી શકાશે

આંખ એ કુદરતે આપેલી સર્વશ્રેષ્ઠ ભેટ છે. જે રીતે મા વિના સુનો સંસાર કહેવત યોગ્ય છે તેજ રીતે 'દૃષ્ટિ વિના કાળો સંસાર' કહેવું ઉચિત ગણાશે. આંખમાં જરાપણ તકલીફ વ્યક્તિને બેચેન બનાવી દે છે જેમાંની એક છે મોતિયો. આંખના લેન્સ ઉપર જ્યારે ક્ષાર જામી જાય ત્યારે ધીમે ધીમે દૃષ્ટિમાં ઝાંખપ આવવા લાગે છે. ઉંમર વધતા ક્ષારનું પ્રમાણ વધતુ જાય છે. આખરે મોતિયાનું ઓપરેશન કરાવી જુનો લેન્સ કાઢી નવો લેન્સ નાંખવો પડે છે.

મોતિયાનું ઓપરેશન એટલે આંખમાં જલદ ટીપા નાંખવા, જાત જાતના ટેસ્ટ કરાવવાના, ટાંકા, ઓપરેશન, હોસ્પિટલમાં રોકાવવું, મોઘીદાટ દવાઓ, સારવારનો ખર્ચ, નોકરી ધંધાના દિવસો બગાડવા જેવી સમસ્યાઓ વેઠવી પડે છે. પરંતુ મોતિયાની દર્દીઓ માટે સૌથી સારાં સમાચાર એ છે કે મોતિયાનો ઈલાજ આપણા પુરાણોમાં સુચવેલી સંપૂર્ણ આયુર્વેદિક ઔષધીઓથી ઓપરેશન, પરેજી, આડઅસર સહિતની તમામ સમસ્યાઓ વિના માત્ર એક ફોન કરવાથી ઘેર બેઠા જ કરી શકાય અને એ પણ ખૂબ નજીવા ખર્ચે.

મોતિયાની સારવાર માટે ત્રીફળા, કાલમેઘ વગેરે જેવી ઔષધીઓ પર અમેરિકામાં રીચર્સ કરવામાં આવ્યું હતું. જેમાં સફળતા તો મળી પરંતુ કોઈ કારણસર આ સંશોધન આગળ વધી ન શક્યું. પરંતુ યુ સ્કવેર લાઈફ સાયન્સ પ્રા. લિ. નામની કંપનીએ આ રિસર્ચને આગળ ધપાવી વધુ સંશોધન હાથ ધરતા આશ્ચર્યજનક પરિણામો મળ્યા છે. જેમાંથી મોતિયાની સારવાર માટે કંપનીએ 'વિઝબેસ્ટ' નામની સંપૂર્ણ આયુર્વેદિક કેપ્સ્યુલ તૈયાર કરી છે જેનાથી ૩ થી ૬ મહિનામાં મોતિયો સંપૂર્ણ દૂર કરી શકાય છે. 'વિઝબેસ્ટ' સવાર સાંજ એક એક કેપ્સ્યુલ ગળવાની હોય છે.

'વિઝબેસ્ટ' મેળવવી પણ ખૂબ આસાન છે. ઘેર બેઠા મોબાઈલ નંબર : ૯૭૨૭૭૪૪૨૭ પર ફોન કરવાથી બે દિવસમાં જ કંપનીનો સેલ્સમેન ઘેર પહોંચી જશે અને ઘરે બેઠા સારવાર શરૂ થતા સમય, શ્રમ અને નાણાંનો બચાવ કરી શકાશે. કંપનીએ 'વિઝબેસ્ટ' વિવિધ આયુર્વેદિક ઔષધીઓનું સરકારના નોમ્સ મુજબ મિશ્રણ કરી બનાવ્યા બાદ ભારત સરકારનું ગુડ મેન્યુફેકચરીંગ પ્રેક્ટીસ (જી.એમ.પી.) સર્ટીફિકેટ પણ મેળવ્યું છે. અને વેચાણ માટેનું લાયસન્સ પણ મેળવેલ છે.